

## (D - 83)
# તારું જીવન ખરું તારું જીવન,

(રાગ-મારું વતન આ મારું વતન)

તારું જીવન ખરું તારું જીવન,
જીવી જાણ્યું નેમનાથે જીવન (૨)

સુતાં રે જાગતા બેસતાં ઊઠતાં,
હૈડે રહે તારું ખૂબ રટન. તારું૦

અશરણ જગતને શરણે કરવા,
થયું સુરાલયમાંથી ચવન. તારું૦

જન્મ-જરા મરણોથી દુ:ખી જગ,
પેખી જન્મ્યા તુમે ભરતે ભુવન. તારું૦

સ્વરૂપ પૂર્ણ કરવા કાજે,
ગ્રહી સંયમ કુળ કીધું પાવન. તારું૦

ઘોર ઉપદ્રવ સહી મારા જિનજી,
પામી કેવલ જોયું આત્મ ભુવન. તારું૦

લોક અલોકના તત્ત્વ પિછાણી,
પામ્યા શિવ પ્રભુ ગીત ગાવન. તારું૦

મહાનન્દામૃત સ્થાન મહોદય,
પાયા અમૃતસિદ્ધિ સુમન. તારું૦

ગિરિગુફામાં નેમ પ્રભુજી,
સંયમ કેવળ શિવ રમન. તારું

કથનાક્ષરી અક્ષર ન પાવે,
અનંત ગુણાક્ષરી તારું લેખન. તારું૦

ગિરિનગરના વીતરાગ સ્વામી,
દર્શન દ્યોને નાથ દયાળ. તારું૦